ગ્લોબલ આંત્રપ્રિન્યોરશીપ મોનિટરનો સર્વે

# બ્રિક્સ દેશોમાં ઉદ્યોગ સાહસિકતા બંધ થવાનું સૌથી ઓછું પ્રમાણ ભારતમાં

સિટી રિપોર્ટર | અમદાવાદ

આંત્રપ્રિન્યોરશીપ પર સંશોધન કરતા વૈશ્વિક સંગઠન ગ્લોબલ આંત્રપ્રિન્યોરશીપ મોનિટરના સર્વે મુજબ ફેક્ટર ડ્રિવન ઈકોનોમી અને બ્રિક્સ દેશોમાં ઉદ્યોગ સાહસિકતા બંધ થવાનુ સૌથી ઓછું પ્રમાણ ભારતમાં છે. જીએમટી ઈન્ડિયાના ટીમ લીડર અને ઈડીઆઈઆઈ-અમદાવાદના ડિરેક્ટર ડો.સુનિલ શુક્લાએ કહ્યું કે, '2015-16માં ભારતમાં સુધારા-સંચાલિત ઉદ્યોગ સાહસિકતાની પ્રવૃત્તિ 34.3 ટકા હતી, જે 2016-17માં વધીને 43.3 ટકા થઈ હતી.'



• ડો.સુનિલ શુક્લા

**2015-16ની તુલનાએ 2016-17માં ઉદ્યોગ સાહસિકતાનું પ્રમાણ વધ્યુ**

## કારોબાર બંધ થવાના કારણો

23 રાજ્યોમાં 3400 કારોબારીઓના ધંધા બંધ થવા અંગેના સર્વેના તારણો નીચે મુજબ છે. મુખ્ય કારણો...

| 47 % | 13 % | 8% |
|---|---|---|
| ઉદ્યોગ સાહસિકોએ નફો ન થવાથી કારોબાર આટોપ્યો | નાણાકીય ખેંચના કારણે | કારોબાર વેંચવાની તક મળવાના કારણે |